જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા અને શેરી ગરબાની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

જયોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા નગરની બહેનો માટે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી, અતિથિ વિશેષ પદે ચીલ્ડ્રન્સ યુનિ.ના વાઈસ ચાન્સેલર લીખીયા સાહેબ, અરવિંદ કેન્દ્રના પ્રમુખ ડૉ. તન્ના ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ કલ્ચરલ સ્કવેર-૩-સી, દ્વિતીય કચ્છ-કાઠિયાવાડ રાજપૂત મહિલા સમાજ, ત્રીજા ક્રમે ફોરમ ગ્રુપ, ચોથા ક્રમે અંબિકા ગ્રુપ અને પાંચમા ક્રમે શકિત ગ્રુપ વિજેતા બન્યા હતા.

વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પરંપરાગત શેરી ગરબા સ્પર્ધામાં વિજેતા કલ્ચરલ સ્કવેર, પોલીસ ચોકી ચોક સે-૭-ડી, સે-૫ પિનાકીનીબેન ગ્રુપ રહ્યા હતા. જેમના ઈનામો સંચાલક ડૉ. પ્રવીણ ઓઝા અને મીનળબેન ઓઝાના વરદ હસ્તે એનાયત થયા હતા. હીનાબેન પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખે પણ ઉપસ્થિત રહી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે નિર્મળાબેન બક્ષી, જયોત્સનાબેન બુચ, ઈન્દુમતીબેન નિમાવત અને સુધીરભાઈ દેસાઈએ સેવાઓ આપી હતી.

આ પ્રસંગે લતાબેન ચોકસી દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. તેઓ પ્રમુખપદથી નિવૃત્ત થતાં મંચસ્થ મહાનુભાવો અને ઉપસ્થિત સૌ બહેનો દ્વારા તેમનું બહુમાન કરીને તેમની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવવામાં આવી હતી. નવ નિયુકત પ્રમુખ ડૉ. ચેતના બુચને સૌએ શુભકામનાઓ પાઠવી તેમને પણ આવકાર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા પુષ્પાબેન મહેતા, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક, જયોત્સનાબેન મણિયાર, કિન્નરી દવે, મીનાબેન શાહ અને તારાબેન પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ ડૉ. ચેતના બુચ દ્વારા કરવામાં આવી હતી.

જ્યોતિ મહીલા મંડળ દ્વારા સે-૨ ૩ અરવિંદ કેન્દ્ર ખાતે બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૫ ગૃપ સહીત ૨૫૦ થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. સેકટરની બહેનોએ માતાજીના ભવ્ય ગરબા રજુ કરી ઉપસ્થિતગણના દીલ જીતી લીધા હતા. આ પ્રસંગે મહાનગરપાલિકાના કમિશ્નર ડી એમ મોદી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર લીખિયા અરવિંદ કેન્દ્રના ડો તન્ના, જયોતિ મહીલા મંડળના લતાબેન ચોકસી તેમજ ડો ચેતના બુચે ગરબાના સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. જયારે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શેરી ગરબા તેમજ બેઠા ગરબા સ્પર્ધાના વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રિ. ડૉ. જિજ્ઞેશ સુથારનો સન્માન સમારંભ યોજાયો

શ્રી ઉમા કેળવણી મંડળ, મોડાસા દ્વારા સંચાલિત સરસ્વતી વિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. જિજ્ઞેશ રતિલાલ સુથારને શ્રેષ્ઠ આચાર્ય તરીકે સન્માનવાનો કાર્યક્રમ મંડળના પ્રમુખશ્રી મોહનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.

સરસ્વતી વિદ્યાસંકુલમાં આયોજિત આ ભવ્ય સમારંભના ઉદઘાટક તરીકે સાહિત્યકાર અને કટારલેખક પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી અને મુખ્ય મહેમાનપદે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મહેશ આઈ. જોષી ઉપસ્થિત રહ્યા હતા. શાળા મંડળ દ્વારા ડૉ. જિજ્ઞેશભાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અને તેમના ધર્મપત્ની વીણાબેનના યોગદાનની નોંધ લેવામાં આવી હતી. કેળવણીકારશ્રી લાભુભાઈ પંડયાએ આર્શિવચન પાઠવ્યા હતા. આ તબક્કે ડીઈઓ શ્રી એ.પી. ઝાલા, નાટયકાર અરવિંદ પંડયા, મણીભાઈ પટેલ તથા મંત્રીશ્રી હંસરાજભાઈએ પણ ડૉ. જિજ્ઞેશભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાની વિદ્યાર્થીની કુ. હિમાની પરીખ અને શિક્ષકશ્રી કિરીટ જોષીએ ડૉ. સુથાર અંગે પોતાના અભિપ્રાય આપેલ હતા. કાર્યક્રમના અંતે શાળાના તમામ ૨૫૦૦ વિદ્યાર્થીઓને ડૉ. જિજ્ઞેશભાઈ તથા મંડળ તરફથી સ્નેહભોજન અપાયું હતું.

જેમાં શ્રી અંબાલાલ પટેલ અને શ્રી રણછોડભાઈ પટેલે અને શાળા પરિવારે ખુબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેન્દ્ર પંડયા અને કંચનબેન પટેલે કર્યું હતું.

દુઃખદ અવસાન

ભિલોડાના રમેશભાઈ ભાવસાર ઋષભ ઓટો એજન્સી, સંજયભાઈ ભાવસાર શ્રી અંબિકા ઈલેક્ટ્રોનિક્સના પિતાશ્રી ભોગીલાલ હિરાલાલ ભાવસાર, ગાંધીવાદી વિચાર ધરાવતા ભિલોડા તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ, ભિલોડા બજાર એસોસીએશનના પુર્વ પ્રમુખ, ભાવસાર સમાજના પુર્વ પ્રમુખ, મઉં ગ્રૂપ ગ્રામ પંચાયત પુર્વ સરપંચ, નાગરીક બેંકના પુર્વ ચેરમેન ટુંકી માંદગી બાદ ૮૮ વર્ષની જૈફ વયે તા.૯/૧૦/૨૦૧૬ ને રવીવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૧૭/૧૦/૨૦૧૬ ને સોમવારના રોજ બપોરે ૧૨:૩૦ થી ૨:૦૦ વાગ્યા સુધી શ્રીરામ કુમાર છાત્રાલય, ભિલોડા તાલુકા પંચાયત પાછળ રાખેલ છે.

બ્રાહ્મણ એકતા પરિષદના યુવા પ્રાંત અધ્યક્ષ પદે દિવ્ય ત્રિવેદીની વરણી

ગાંધીનગર, તા.૧૪

અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા પરિષદના ગુજરાત પ્રાંતના યુવા અધ્યક્ષ તરીકે ગાંધીનગરના દિવ્ય અશ્વિન ત્રિવેદીની વરણી રાષ્ટ્રીય અધ્યક્ષ ગોવિંદ પાંડે દ્વારા કરવામાં આવી છે. દિવ્ય ત્રિવેદી ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી તથા રાજયના સમસ્ત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન વાસુદેવ ત્રિવેદીના સુપુત્ર છે. અત્રે ઉલ્લેખનીય છે કે અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા પરિષદના સંયોજક અને સંરક્ષક તરીકે ઈન્દોરના કુંવર તુષાર જમીંદાર, કેન્દ્રિય મંત્રી જયકુમાર રાવલ, વિધાયક ગોવર્ધન શર્મા, અજય દૂબે, સુધા ભારદ્વાજ જેવા મહાનુભાવો સેવા આપી રહ્યા છે. દિવ્ય ત્રિવેદીની વરણીને સમસ્ત બ્રહ્મસમાજે આવકારી અભિનંદન પાઠવ્યા છે. તેઓ આગામી દિવસોમાં ગુજરાતના બ્રાહ્મણ યુવાનોને સંગઠિત કરી પોતાના કામકાજનો પ્રારંભ કરશે.

ડીસાના લીલાશાનગર વિસ્તારમાં રોડનું ખાતમુહૂર્ત

ડીસા નગરપાલિકા દ્વારા હાલમાં ઠેર ઠેર જનભાગીદારીના તેમજ વિકાસના કામોનું ખાત મુહૂર્ત કરવામાં આવી રહ્યું છે. ડીસાનો લીલાશા નગર વિસ્તાર આર્થિક રીતે પછાત ગણવામાં આવે છે. આ વિસ્તાર છેલ્લા પચ્ચીસ વર્ષથી રોડ માટે વંચીત હતો. ત્યારે ડીસા નગરપાલિકા દ્વારા આ રોડનું આજરોજ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રોડનું ખાત મુહૂર્ત થતા સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રવિણ માળી, શહેર ભાજપ પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, મહેશભાઈ દવે, ચેતન ત્રીવેદી આ વિસ્તારના કોર્પોરેટર શશીકાંત પંડ્યા, મણીબેન પરમાર, રંજનબેન ખત્રી તથા આ વિસ્તારના રહીશોમાં મદનલાલ પુરોહીત, નવલજી જાંગીડ, બાબુલાલ પુરોહીત, આનંદભાઈ ઠક્કર, વિનોદભાઈ કંકોડીયા, રાજુભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સ્થાનિક રહીશો દ્વારા ઉપરોક્ત તમામનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

બજાર સમિતિ પાલનપુર સંચાલિત કિસાનવાનનો શુભારંભ

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાલનપુર દ્વારા માર્કેટયાર્ડમાં આવતા જતા ખેડૂતભાઈઓ માટે કિસાનવાનનો લોકાર્પણ કાર્યક્રમ તા. ૧૦-૧૦-૧૬ના રોજ ચેરમેન ફતાભાઈ પી. ધરીયા અને વા. ચેરમેન ભગવાનભાઈ પટેલ, બજાર સમિતિના પૂર્વ ચેરમેન પરથીભાઈ લોહ, બજાર સમિતિના સભ્યો લાલજીભાઈ કરેણ, માધવજીભાઈ પટેલ, દિનેશભાઈ કુણિયા, રમેશભાઈ પટેલ, હરેશભાઈ પટેલ, પરાગભાઈ જુડાલ, નરસંગભાઈ પટેલ, વિજયકુમાર પટેલ, વિનોદભાઈ પટેલ, ઈમરાનભાઈ સીપાઈ, બાબુભાઈ પટેલ, કાનજીભાઈ વણાગાંઠ, હસમુખભાઈ પઢીયાર, સેક્રેટરી જાલમભાઈ પટેલ, ભરતભાઈ પનાયા, મોતીલાલ પટેલ, ડી.કે. રાણા, લાલજીભાઈ લોહ, કર્મચારી મિત્રો, ખેડૂત આગેવાનો વિગેરે હાજર રહ્યા હતા.

મહેમદાબાદના જાળીયા ગામે શરદપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ શરદપૂર્ણિમા નિમિત્તે રાસ મહોત્સવનું આયોજન તા. ૧૪ અને ૧૫ બે દિવસીય કરવામાં આવ્યું છે.

જાળીયા ગામના સાથ અને સહકારથી શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગામના બાળકૃષ્ણ યુવામંડળ દ્વારા સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શરદોત્સવના પ્રથમ દિવસે ગુજરાતી ફિલ્મના યોગીરાજ બાપુ તથા આરતી રાવ, જ્યારે બીજા દિવસે લોકગાયક કેતન બારોટ, દિપીકા, ભરત ઠાકોર વગેરે કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.

આ ગરબા મહોત્સવમાં ગ્રામજનો મનમુકીને ઝુમી ઉઠશે. આ પ્રસંગે મંદિરને લાઈટીંગથી ઝળહળતુ કરી દેવામાં આવ્યું છે. આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં આવતા હોવાથી પ્રસાદ, પાણી અને અલ્પાહારની વ્યવસ્થા શરદપૂર્ણિમા સમિતિ દ્વારા કરવામાં આવી છે. તેમ ભરત ચૌહાણે જણાવ્યું છે.

કંપની સમાચાર

મેગા ક્રાફ્ટ બજાર

તામીલનાડુ હેન્ડીક્રાફ્ટ આઈટમોનું પ્રદર્શન અને સેલ

તામીલનાડુ હેન્ડીક્રાફ્ટસ ડેવલોપમેન્ટ કોર્પો લિ. તેના બ્રાન્ડ પુમ્પુહાર (તામીલનાડુ ગર્વ.નું સાહસ)નું એક ભવ્ય પ્રદર્શન તા. ૧૦-૧૦-૧૬ થી ૧૯-૧૦-૧૬ સુધી સમર્થેશ્વર મહાદેવ મંદિર ગ્રાઉન્ડ, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે.

તામીલનાડુ હેન્ડીક્રાફ્ટ કોર્પો. લિ.એ ઘણા બધા પ્રકારના પગલા તામીલનાડુ હેન્ડીક્રાફ્ટના પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે માર્કેટીંગ સહાયતા કરવા તથા ક્રાફ્ટ કારીગરોના રોજગારીલક્ષી ઉદ્દેશથી લીધા છે. આ હેન્ડીક્રાફ્ટ એક અલગ વિશિષ્ટતા તથા કુદરતી બનાવટ ધરાવે છે. જે કાશ્ય, ગ્લાસવર્ક, સ્ટોનવેર, સુખડના લાકડા અને રોઝવુડના હસ્તકારીગરી (કાર્વીંગ) કેજે રોજના ઉપયોગમાં લેવાતા કલાકારીગરીના નમુના જેવા કે લેમ્પ, વુડન મૂર્તીઓ, ભિંતચિત્રો (વોલપીસ), બારણાનાં કલાત્મક હેન્ડલ, ટેબલવેર, લેમ્પસેડ વગેરે. આ બધા ઉત્તમ કોટીના કલાત્મક નમૂનાઓ એક સામાન્ય માણસ સુધી પહોંચતા થાય છે. જેના શરૂઆતની કિંમત રૂ. ૨૦ થી લઈને ૧૦,૦૦,૦૦૦ સુધીની છે. આ કારીગરો એ રાજ્યની અદભૂત કારીગરોની દેન છે. આ ક્રાફ્ટ બજારનો ઉદ્દેશ હસ્તકલા કારીગરોના નમૂનાઓ ભારતના દરેક ખૂણે પહોંચાડવાનો છે. કેજ્યાં શૉ-રૂમ ઉપલબ્ધ નથી. કોર્પોરેશન જોડે ૭ પ્રોડક્શન સેન્ટર છે. લાકડાની મૂર્તિઓ પર સોનુ, ચાંદી જેવી ધાતુના અલંકારોની કારીગરી પણ ઉપલબ્ધ છે. અમારો ઉદ્દેશ ક્વોલીટી અને ઉચ્ચધોરણો ડ્રાફટમેનશીપને પૂરા પાડવાના છે.

સાહિત્ય વૃત્ત ● ૪ પાનાનું ચાલુ...

બ્રીજ છે. એક આદર્શ દેશના આદર્શ શહેર ક્યુટો (કયોટો) જેવું શહેર, ભારતના વારાણસીને બનાવવા માટે આપણા વડાપ્રધાન નક્કી કરીને આવ્યા છે. જાપાનની વિશેષતા એવી છે કે, ત્યાં અગાઉથી વસેલા મુસલમાનો સિવાય, બહારના મુસલમાનો માટે પ્રવેશ નિષેધ છે.

●●●

ભીખુભાઈ કવિએ તેમના સ્વરચિત કાવ્યોના પઠન પૂર્વે જણાવ્યું કે, તેઓ ગરીબીમાં ઉછર્યા અને આઠ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. પિતા માસ્ટર બાલાભાઈ મીરે જૂની રંગભૂમિના અનેક મશહૂર કલાકારો સાથે અભિનયનાં ઓજન પાથરેલ હોઈ, તેમના રંગભૂમિના સંસ્કારો તેમનામાં ઉતર્યા છે. ભીખુભાઈએ 'તાજ વગરનો રાજા નટુ મીર' નો એકપાત્રીય અભિનય - કરીને સર્વેને રસતરબોળ કરી, તેમની અભિનય કળાની ઓળખાણ કરાવી અને તેમને તેમની સાહિત્ય સરવાણી વહેતી કરી.

- 'જીવનમાં સાંજ આવે ને સજનની યાદ આવે છે.
  વસંત હોય કે વર્ષા, સદા ફરિયાદ લાવે છે.'
- 'મારા નામના બે અક્ષરો વિસરી જશે તો શું કરું;
  મારા પ્રેમના એ સર્જનો વિખરી જશે તો શું કરું?'
- 'તારી આંખોની પાંપણ પણ મારું યે નામ છે.
  ને હોઠો પર મારું યે નામ છે.
  રાયણાંનાં ખેતરમાં ઉગ્યો છે ચાડિયો,
  તારી ભ્રમણામાં યે મારું નામ છે.'
- 'માનો ભલે તમે ના, પરંતુ મીર છું,
  ખિસ્સામાં નથી પૈસો, પણ દિલનો અમીર છું.'

●●●

● ગુજરાત સાહિત્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના આદ્યસ્થાપકો પૈકીના સાક્ષર રણજિતરામ મહેતાના જીવનકવન પર આધારિત ગ્રંથ 'રણજિતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય'નું વિમોચન માન. કેન્દ્રિય કૃષિ રાજયમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે તા.૧૫-૧૦-૨૦૧૬ને શનિવારના રોજ સાંજના ૫.૦૦ કલાકે, સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સેકટર-૧૭, ચ-૫ પાસે ગાંધીનગર ખાતે થશે.

સંપાદક / સંશોધક દોલત ભટ્ટના આ અભ્યાસગ્રંથના વિમોચન પ્રસંગે જાણીતા પત્રકાર 'ભવેન કચ્છી' મુખ્ય મહેમાન તથા અકાદમીના અધ્યક્ષ 'ભાગ્યેશ જહા' ની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

muljibhaidadhi@gmail.com

ચૂંટણી બાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભા પક્ષની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે. અખિલેશ યાદવે હાલમાં જ આપેલી એક મુલાકાતમાં કહ્યું હતું કે, તેઓએ પોતાનું નામ પણ પોતે મુકવાની ફરજ પડી હતી જેથી જો જરૂર પડશે તો ચૂંટણી પ્રચાર પણ એકલા જ કરશે. પરિવારના કેટલાક સભ્યોને પોતાના નામ પોતે રાખવાની ફરજ પડી હતી તે અંગે પૂછવામાં આવતા અખિલેશે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. બીજી બાજુ મુલાયમે કહ્યું હતું કે, ખુબ વ્યસ્ત કાર્યક્રમ હોવાના પરિણામ સ્વરુપે તેઓ સમય આપી શક્યા ન હતા. પરિવારમાં કોઈ ખેંચતાણ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા મુલાયમે આને રદિયો આપ્યો હતો. મુલાયમે એમ પણ કહ્યું હતું કે, તેમના કારણે પાર્ટીએ આજે આ સિદ્ધિ હાસલ કરી છે. છેલ્લા કેટલાક સમયથી સમાજવાદી પાર્ટીમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી છે. આક્ષેપબાજીનો દોર પણ જારી રહ્યો છે.

અખિલેશ યાદવ અને શિવપાલસિંહ વચ્ચેની ખેંચતાણ તમામ લોકો જાણે છે. કાકા શિવપાલ યાદવની સાથે અખિલેશના મતભેદ મિડિયામાં પણ પ્રકાશિક થયા હતા. મુલાયમે આ ખેંચતાણમાં શિવપાલનો સાથ આપીને તેમને પાર્ટીના અધ્યક્ષ તરીકે બનાવી દીધા હતા. ત્યારબાદ પાર્ટીમાં અખિલેશના નજીકના લોકો ઉપર પગલા લેવાનો દોર જારી રહ્યો છે. આજે એક મુલાકાતમાં અખિલેશના ઈન્ટરવ્યુને પણ મેતભેદનો જોડીને જોવામાં આવે છે. ચૂંટણી બાદ જ મુખ્યમંત્રી નક્કી કરવામાં આવશે. રાજકીય જાણકાર લોકો એવી કવાયતમાં લાગી ગયા છે કે, અખિલેશના એકલા ચૂંટણી પ્રચાર કરવાનો મતલબ શું છે. મુલાયમે કહ્યું હતું કે, ચૂંટાયેલા ધારાસભ્યો અને સંસદીય બોર્ડ દ્વારા આગામી મુખ્યમંત્રી પદ અંગે નિર્ણય લેવાશે. મુલાયમે કહ્યું છે કે, પાર્ટીમાં કોઈપણ મતભેદની સ્થિતિ નથી. પરિવાર કોઈ ડિવિઝનની સ્થિતિ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીમાં જે રીતે જી સરનેમનુ પ્રભુત્વ રહેલું છે તેમ સમાજવાદી પાર્ટીમાં માત્ર યાદવ જ પ્રભુત્વ ધરાવે છે.

મોઘવારીમાં ઘટાડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફુગાવાને વધારવામાં કઠોળની મોટી ભૂમિકા હતી. કઠોળની કિંમતમાં પણ હવે ઘટાડો થયો છે. તેનો ફુગાવો ૩૪.૫૫ ટકાથી ઘટીને ૨૩.૯૯ ટકા થયો છે. આ ફુગાવો હજુ પણ ઘટી શકે છે. કારણ કે, મોનસુનની સ્થિતિ સામાન્ય રહી છે. માત્ર અપવાદરુપ કેસમાં કેટલીક ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે. ખાદ્યાન્ન ફુગાવામાં એકંદરે ઘટાડા વચ્ચે ફળફળાદિ અને દૂધની કિંમત વધારે ઘટી રહી નથી. ફળફળાદિમાં ફુગાવો ૧૩.૯૧ ટકાની સામે વધુને ૧૪.૧૦ ટકા થયો છે. આવી જ રીતે દુધમાં ફુગાવો ૩.૪૦ ટકાથી વધીને ૩.૭૧ ટકા થયો છે. ખાદ્યાન્ન ફુગાવો ઘટ્યો હોવા છતાં ફ્યુઅલ અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટમાં ફુગાવો વધ્યો છે. ફ્યુઅલ પ્રાઈઝ ઈન્ડેક્સમાં ૧.૬૨ ટકાનો વધારો થતાં તેનો આંકડો ૫.૫૮ ટકા થયો છે.

કેટલ હાઉસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા ઢોર પકડયા બાદ દંડ તેમજ વહીવટી ચાર્જ વસુલવામાં આવશે. તેમજ ઢોરની નિભાવણીનો ખર્ચ પણ વસુલવામાં આવશે. રખડતા ઢોરને એનિમલ એકટ પ્રમાણે પકડવામાં આવશે. સે-૩૦ ડમ્પીંગ સાઈટ નજીક સ્થિત કેટલ હાઉસની આજે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલે મુલાકાત લીધી હતી. સીટી એન્જિનિયર ભરત પંડયા સાથે તેમણે સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ તબક્કે અન્ય અધિકારીઓ પણ હાજર રહયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in